<u>નવી સેવા વર્ષ-૨૦૨૪-૨૫</u>

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે

પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ની નવી જગ્યા ઉભી કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/NIE/e-file/23/2023/1528/B1**

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:**WCDD/IMR/e-file/23/2022/0979/B (ICDS)**, તા.૨૧/૦૨/૨૦૨૩

(૨) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો પત્ર ક્રમાંક:**ICDS/0258/11/2023 Dt: 08-11-2023**

આમુખ

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ કુલ ૧૧૧ આંગણવાડી કેન્દ્રો ગાંધીનગર મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ છે અને તેને અનુસંધાને ગાંધીનગર મહાનગરપાલિકામાં આઇસીડીએસની કચેરી પ્રથમવાર કાર્યાન્વિત થયેલ છે. વંચાણે લીધા પત્ર (૨) થી આઇસીડીએસ યોજના અન્વયે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કરેલ કુલ રૂ.૦.૧૨ કરોડની બજેટ જોગવાઈ (૧૦૦% સ્ટેટ બર્ડન) માંથી ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ઉભી થયેલ પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ ની નવી જગ્યાને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

*<u>//ઠરાવ//</u>*

આઇસીડીએસ યોજના હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ ની પે મેટ્રીક્સ લેવલ-૧૦ (રૂ.૫૬૧૦૦ – રૂ.૧૭૭૫૦૦, ગ્રેડ પે-૫૪૦૦) પગાર ધોરણની કુલ-૦૧ જગ્યાની નવી સેવા ઉભી કરવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ની કુલ રૂ.૦.૧૨ કરોડની બજેટ જોગવાઈ માંથી (૧૦૦% સ્ટેટ બર્ડન) અન્વયે નીચેની શરતોને આધીન ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

1. આ જગ્યાઓ ઉપર ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી ૬ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ/નાંણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રકિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતની ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય, ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સબંધિત કચેરીની રહેશે.
8. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારની નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક. નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવવર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
9. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાંણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના ૧ માસ અગાઉ નાંણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.
10. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઉભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ્સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચુક નાણા વિધાગ (કરકસર પ્રભાગ) ની પૂર્વમંજુરી મેળવી લેવાની રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
14. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
16. પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ થી કરવાનો રહેશે.
17. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે

મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર: ૮૦ જનરલ

ગૌણ સદર : ૦૦૧, ડાયરેકશન અને એડમિનિસ્ટ્રેશન

પેટા સદર : ૦૧ એન.ટી.આર (૧૮) પે એન્ડ એલાઉન્સ પી.ઓ.એલ વગેરે(૧૦૦ % સ્ટેટ બર્ડન)

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ઈ-ફાઈલ ઉપર વિભાગના નાણા સલાહકારશ્રીના પરામર્શમાંં અને વિભાગના સચિવશ્રીની તા.૦૨/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ. ગોસાઇ)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

નકલ રવાના,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (આયોજન) ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર
9. નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી અમદાવાદ,
10. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
11. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
12. શાખા સિલેક્ટ ફાઈલ